

# તમારા નાના વ્યવસાયના વિકાસમાં સહાય માટે લવચીક, પોસાય તેવી મૂડી

ન્યુ જર્સી ઇકોનોમિક ડેવલપમેન્ટ ઓથોરિટી (New Jersey Economic Development Authority) દ્વારા વિકસાવેલું, NJ Capital Access Fund નાના વ્યવસાયો અને બિનનફાકારક ઉદ્યોગો માટે બનાવવામાં આવ્યું છે. ફંડ નિશ્ચિત વ્યાજ દરો અને લવચીક ખર્ચ માર્ગદર્શિકા સાથે વર્કિંગ કેપિટલ પૂરું પાડે છે, તેથી તમારી પાસે વધુ પ્રાપ્ત કરવાની અને તમારા વ્યવસાયના ઉજ્જવળ ભવિષ્ય માટે પ્લાન કરવાની સ્વતંત્રતા આપે છે.

સુવ્યવસ્થિત એપ્લિકેશન પ્રક્રિયા તમારા સમયનો ખ્યાલ રાખે છે અને તમને અનુભવી બિનનફાકારક ધિરાણકર્તાઓ સાથે જોડે છે જેઓ તમને સફળ જોવા ઈચ્છે છે અને લોન પ્રક્રિયા દ્વારા તમારી સહાય કરશે. કારણ કે જ્યારે તમે પ્રગતિ કરો છો, ત્યારે ન્યુ જર્સી પણ પ્રગતિ કરે છે.

## પાત્ર ઉદ્યોગો અને બિનનફાકારકો જરૂરી છે:

- ન્યુ જર્સી રાજ્યમાં કાર્યરત હોય
- 50 કરતાં ઓછા કર્મચારીઓ હોય
- $10 મિલિયન અથવા તેનાથી ઓછી વાર્ષિક આવક ધરાવતા હોય
- અરજીની તારીખથી ઓછામાં ઓછા એક વર્ષ પહેલાં વ્યવસાયમાં કાર્યરત હોય
- રોકડ પ્રવાહ દ્વારા લોન ચૂકવવાની ક્ષમતા દર્શાવે

## સ્પર્ધાત્મક લોન શરતો

- 36 થી 60 મહિના વચ્ચે
- $250,000 સુધી ઉધાર
- કોઈ ઓરીજનેશન (પ્રારંભ) ફી નથી
- કોઈ પૂર્વચુકવણી દંડ નથી
- લોનના જીવનકાળ માટે નિશ્ચિત, સ્પર્ધાત્મક વ્યાજ દર*
- કોઈ ચોક્કસ કોલેટરલની જરૂર નથી

*વ્યાજ દર લોનની લંબાઈ (સમયગાળા) દ્વારા નક્કી કરવામાં આવે છે. દરો વોલ સ્ટ્રીટ જર્નલ પ્રાઇમ રેટ + 1% થી શરૂ થાય છે અને 12% ને નહિ વટાવે.

## લોન આના પર ખર્ચ કરી શકાય છે:

- વેતન (પેરોલ)
- સપ્લાય
- ભાડું
- ઉપયોગિતાઓ
- માર્કેટિંગ અને પ્રચાર
- અન્ય વ્યવસાય ખર્ચ

NJEDA
ECONOMIC DEVELOPMENT AUTHORITY

આજે જ શરુ કરો NJCapitalAccessFund.com.